કોનફરન્સ જ્ઞાનમાળા

ભાગ પહેલો.

શ્રી છઠ્ઠી જૈન શ્વેતાંબર કોનફરન્સ ભાવનગર
રાજનગર નિવાશી શ્રીમાન. શેઠજી. મન-
સુખભાઇ ભગુભાઇનો ધર્મપર ઉત્તમ
પ્રેમ જૈન ધર્મ ઉન્નતી અર્થે.

રચી પ્રસિદ્ધ કરનાર.
કવિ. વાડીલાલ સાંકળચંદ. અમદાવાદ.
હાજાપટેલની પોળમાં પાછીયાની પોળ.

આવૃતી ૧લી. પ્રત ૧૫૦૦

અમદાવાદ દીલ્લીદરવાજે ચકલામાં જયન્તિ પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮

કિંમત બે આના.

કોનફરન્સ જ્ઞાનમાળા.

ભાગ પેહેલો.

મંગલા ચરણ

દોહરા.

શ્રી પરમાત્મ ઉત્તમ નમુ, વન્દુ વાર હજાર;
ચોવિ જીનવર વિણુ નવ નમુ, ભવ તારણ ભવતાર.

માલિની.

જન હિત ગુણકારી, ધર્મની રીત સારી;
પરમ હરખ ભારી, સંઘમાં શાન્ત કારી.
સકળ સમુહ રાજી, ન્યાયના શુભ ધારા;
અધિક રશિક ભાવે, ધર્મજાણો તમારા.
ખરર ખરર આવે, ધર્મ વાયુ મજાનો;
ફરર ફરર ઉડે, વાવટો આ ધ્વજાનો.
સરર સરર પંખા, પ્રેમના વા ઉલાળે;
સનન સનન આવે, જ્ઞાન વાણી ઉછાળે.

દોહરો.

વિજય વધો આ ધર્મનો, દયા ધર્મ સુખવંત
ક્ષમા ધર્મ ઉત્તમ અધિક, વસો સદા ધરીખંત

મનહર

મેઘના પધારવાથી, ચાતક આનંદ પામે;
દિશા બધી તૃપ્ત થાતાં, દાદુર તો બોલે છે.
મોર તણા જેવા બોલ, વ્યોમ ધમ ઘોર દીપે;
વિજળીના પ્રેમ વેગ, વર્ષ રાગ ડોલે છે.
ચોપાસે જોવાથી ભાસે, જગત આ લીલું બધું;
એમ દીપે ધર્મી લીલા, જ્ઞાન પ્યાર ખોલે છે.
જ્ઞાન સુધારક તણી, વધામણી આવવાથી;
કોનફરન્સ દાદુર આ, ચાતકની તોલે છે.

કોનફરન્સને મુબારક બાદી

દોહરા

કોનફરન્સ ઉત્સવ તણો, માંગલીક શુભ પ્રસંગ;
ધર્મ સંઘ સુખમાં સદા, અંતર અતિ ઉમંગ.
નવ નિધ સિધ બહુ વધો, વધો જ્ઞાન ઉપદેશ;
દશ દિશ વાગો ધર્મના, દુંદુભી ડંકા બેશ.
ભાવનગર અતિ ઊજળું, ગાજળ એજ હમેશ;
દિગ વિજય જૈની તણો, વધ્યો ભાવ વિશેષ.

મનહર

આનંદી દિવસ રૂડા, વડા જૈન બાડ ભાગી;
ધ્યાન દેવા રાગી ધર્મે, મુબારક બાદી છે.
ગામો ગામ તણા ઘણા, જૈનીઓ રશિક મળ્યા;

દયા વીષે ઉપકારી તેની આ ઇંયાદી છે.

દયા દેવી તણી મ્હેર, દયા પાળે લીલા લ્હેર;
મનના વિચાર રૂડા, ધર્મથી આબાદી છે.
દયાથી અધિકો નથી, જગતમાં ધર્મ બીજો;
અતી માન સનમાન, ક્ષમા ધર્મ ગાદી છે.

હે મ્હારા પ્રિય બંધુઓ માંગલીક સમયે આપને સંપીલા સાથે જોતાં અને નિહાળતાં મ્હારા રહ્દયમાં જે હર્ષની ઉર્મીયો છુટે છે, આનંદ થાય છે, મન સંતોષ પામે છે. તેનું બ્યાન કરવાને હું પામર જીવ અશક્ત છું આજે મળેલા મહાન વક્તાઓની આગળે હું એક જેમ મેરૂ આગળ તરણું તેથી પણ લઘુ પ્રાણી છું મ્હારા બોલવામાં અસભ્યતા ભરેલું અગર તો વિવેકથી બહાર જવા જેવું કદાચ બની આવે તો આપ સાયર સમછો એ આધારે આ એક ખાબોચીયાએ કરેલી ભુલની ક્ષમા આપી દર ગુજર કરશો, એમ હું આશા રાખુ છું અને મ્હારા મહાન મહાશયો પ્રત્યે જે કંઇ મ્હારા ભાગ્યા તુટ્યા બોલો આપ આગળ મુકુ છું તે ધર્મની ઉન્નતીને અર્થે છે, અને ભવીષ્યમાં સારૂ ફળ પામવાના ઉમંગના સબંધમાં માન ધરાવનારા છે તે તરફ નજર યાને નીધા રાખશો અને તેમાંથી યથા શક્તિ બની શકે તે ગ્રહણ કરવા મનને ઉશ્કેરશો એમ આ તમારો સેવક આશા રાખે છે (ધર્મનો અર્થ) અધર્મને અટકાવવો] એમ મારૂ

આનવું છે. અને તેથીજ જીવ દયા પાળવી એમાં મજબુતાઇ રહેવાને મનને સ્હાયતા રૂપ છે. ધર્મનો સમાવેશ દયા અને નીતિમાં થાય છે, માણુસો ધર્મ ધર્મ કહી ક્રોધને વશ થઇ એક બીજા લડે છે, તે લડતાં ધર્મને બદલે અ ધર્મ થાય છે, અને ધર્મ વસ્તુ જતી રહી એટલે લોપ થઇ અશબ્દ વધવાથી ધણી જાતના જીવને ખેદ અને હાની પહોચે છે અને તેથી ભવીષ્યના સુખમાં આડ નાંખેછે જેમ બનાવેલો દુધપાક તેની અંદર જેમ સોમલ પડવાથી નુકસાન કર્તા છે, તે રીતે ધર્મની આગળ લઢવાડ રૂપ તેમજ સોમલરૂપ 'અ' લાગવાથી ગેર ફાયદો છે, આપણે તો જ્ઞાનરૂપી તોપ ગ્રહણ કરી જે રહેલા કાયા નગરમાં રીપુતેને દુર કરવાના અને એ રીપુને દુર કરવા માટે હથિયાર રૂપ ઉપવાસ આંબલ ઓળી વીગેરે તપ રૂપી હથિયારોના મારથી રહેલા રીપુને અંધકાર કરી ભગાડવાના છે, અને આ સંસાર રૂપી અટવીમાં રહેલી માયાથી મોહ પામી તે ગુંચવણમાં ન ગુંથાતાં અરીહંત ભગવાનની માયાના મોહમાં પડી જેમાં એક તન મનથી એમાં ગુંથાવાની આત્માને શાન્તી પામવા અને ભવીષ્યમાં ઉત્તમ ફળ લેવાને એ નામ આ ભવરૂપી સંસાર દરિયામાં નાવ રૂપ તારનાર અને પાર ઉતારનાર છે,

જેમ દિવસને દિપાવનાર દિનકર જેમ તિમીરનો નાશ કરી જે અજવાસ દયાને તેજ આપે છે, તેમ જીવોને અજ્ઞાન રૂપી જે તિમીર ભરાણું છે, તેને જ્યારે દિનકર રૂપ ધર્મ

દિપક તેમ સાધુ દિપકનો સ્પર્સ થાય છે, ત્યારે અજ્ઞાનરૂપ અંધારાનો નાશ થઇ જ્ઞાનરૂપ દિનકરને પામે છે. અને તેથી કરી તેના રહૃદયમાં ઝળઝળાટ તેજનો ઝંબકાર થાય છે. અને પછી ભુલી પડેલી વાટ તેના જોવામાં તાદ્રસ્ય દેખાઇ આવે છે. જ્યાં સુધી કોઇ પણ માણુસે મેરૂ પર્વત જોયો નથી ત્યાં સુધી ન્હાનો ડુંગર જોઇ ગરકાવ થાય છે, પણ ધર્મના જ્ઞાનરૂપ મેરૂનું દર્શન થાય છે ત્યારે તેના ડુંગર જોએલા વિચાર જેમ સત્યને દેખી અસત્યને પાછુ હઠવું પડે છે, તેમ તેના પણ વિચાર તરત પાછા હઠે છે, સાથી કે પરાયાં દુઃખ જાણે, કોઇ પણ જીવને દુઃખી જોઇ તે જીવને સુખ કરવા ધારે, અર્થાત) પોતાને થતી વેદનાનુ અનુમાન કરી પારકાની વેદનાની તુલના કરે, એવોજે પરમારથ એટલે પરોપકારી પરનુ ભલું ઇચ્છનાર કહેવત આધારે માનો કે ? આપણે કોઇનુ સારૂ ઇચ્છીએ તો આપણું સારૂ થમાએલુ છે. તોતે પ્રમાણે આધર્મ એવો છે કે ! સર્વ જીવોપર દયા રાખો યથા શક્તિ આપણાથી બને તે રીતે વ્યાધીમાંથી દુખી જીવને દુર કરવો એ આધારે તેમજ નીતિ માર્ગમાં પણ તેવો તેમ દયામાં સર્વોપરી કહી એ ો ચાલે, એટલે અમુલ્ય એવા ધર્મને તેમજ તે ધર્મને અંગિકાર કરનાર, જૈન બંધુ ભાંઇઓને મારી વિનય સાથે નમ્ર વિનંતી એ છે કે અરીહંત ભગવાનની ભુલી પડેલી વાટ. બતાવનાર જે સંત દિપક છે તે દિપકનું વર્ણન.

દોહરો.

દિવો નહિ દિવસનો, દિવસને નહીં રાગ,
સંત દીવો દિપાવતો, દીને રાત અથાગ,
સંત દિવાની આગળે, સબ દીવા તલ માત્ર,
સંત દીવાની આગળે, જેવું ઘેડું ગાત્ર.
ચાર ગુણે ઘેડો રહયો, અનેક ગુણુ આ દીપ,
સંત દીપક શોહામણો, ગુણુ સાગરનો દ્વીપ.
દાન દયા વિદ્યા વધુ, જ્ઞાન તપ હથિયાર,
ચાતુર્ય સદગુણુમાં, સમકીતમાં સુખકાર.
વાટ દીવેલને આગથી, ત્રીજુ રહેવા ઠામ,
એથી ઘેડો નીપજે, સુતે કરતા રામ.
સંત દિપ છુપે નહી, તેજ તણો અંધાર,
ઘણા ગુણનો દીપજે, વળી સત્ય શણુગાર.
દયા દેવીની સહાયથી, સંત દીપ દીલધાર,
વાડિલાલ વિનતી કરે, દશ દિશ તેજ જયકાર.

માત પિતાએ જન્મ આપ્યો, પણુ અરીહંત ભગવાનની ઓળખાણુ અને. ભુલી પડેલી વાટ ફ્રીયે રસ્તે જવાથી મલશે, તે ધર્મનો રસ્તો બતાવનાર સાધુ, તે ગુરૂ પિતા સમાન તેમને મારી હજાર વાર વંદણા છે. જે દિપક તમે વાપરો છો, તે દિપકથી ફકત એકજ લાભ લઇ શકો છો પણ આ દિવાથી વધારે ખુશી થવાનું એ છે કે? ઘાસ તેલ

તેમજ કોઇ જાતનું તેલ, એરંન્ડીયું, કે ગ્યાસની, જરૂર પડ-
તી નથી. તેથી આગ થવાનો બીલકુલ ભય નથી, જે દિ
વામાં તેલ વીગેરે વપરાય છે, તે દિવાથી આગ થવાનો
સંભવ, વળી ગરમી દાખવે તેલ વીગેરેના સબબથી ઠંડક
પણ આપે નહી પણ આ ચમત્કારી તેજસ્વી દિવો એવો
પ્રકાશ બનાવે છે કે! તેની બરાબર બીજો પ્રકાશ આપશે
નહી. એટલુંજ નહી પણ આ દીવો દિવસે ને રાત્રે આબેહુ
બ પ્રકાશ આપે છે. ને જે દીવા તમે વાપરો છો તેતો ફક્ત
રાત્રે અજવાશ આપે છે. ને જે દિવસે તેજ કરી શકતા ન
થી. ને આતો દિવસે ને રાત્રે એવો પ્રકાશ આપે
છે કે? ચાલુ દિવાને ઝાંખો કરી નાંખે છે. એટલુંજ નહી
પણ દરેક રીતે અત્યંત શીતળતા આપે છે. ટુંકમાં આ
દિવાની તુલ્ય એકે દીવો સરખામણીમાં બરાબરી કરી શક-
શે નહી.

આબખાની ચાલ

સરધા સાધુની સારી, સુરતા ધર્મ તણી ધારી ટેક
કાયા ગાળી વૃત સંભાળી, ભસ્મ કરે ભવ રોગો
અનેક ગુણે સાવધાન રહેવું, આહાર પાણી અવ જોગો સરધા
અહાર પાણીએ અગવડ મોટી, ઉપવાસ આંબેલ આવે
જીવ દયા મનમાં રાખીને, ભવજળ દુઃખ સમાવે સરધા
કંચનની કસોટી કરવા, સોનાર સોનું તાવે

ધન ધન સાધુ સંજમ યોગે, ભવજળ ને સતાવે સરખા
કણ કચરાને દુર કરીને, તત્વ ખેંચી એ લેતા
યોગડ દમ પસરે સુવાસો, એમ સાધુ બોધ દેતા સરખા
ભવજળ ભ્રમણ અટવી તજતાં આજ કરવું નહી કાલે
વાડીલાલ કહે ચેત અજ્ઞાની, અરીહંત સમાગમ ઝાલે સરખા

દયા જેવો ધર્મ નથી એ બાબતમાં અન્ય ધર્મીએ પણ એક ઠેકાણે તુલસીદાસે કહ્યું છે કે? દયા ધર્મકો મુળહે પાપ મુળ અભીમાન, તુલશી દયા ન છોડીએ જબ લગ ઘટમાં પ્રાણ. દયા ધર્મ એને કોઇ પણ માણસ હું નથી જોતો કે તે ખોટો છે ને કદાચ કોઇ અજ્ઞાનને લીધે કહેતો તે ખડ ખાય છે. અવગુણ કરનાર પર ગુણ કરવો એ ધર્મની મહત્વતા કેટલી તેની ઉદારતા ક્ષમાપણું એ બેહદ વખાણવા યોગ્ય છે, આપણા ધર્મ શાસ્ત્રમાં ખેરના ધગધગતા અંગારા ધખાવી મસ્તક પર મુકનારને પણ ક્ષમા આપી ને એવી રીતે કે ખેરના અંગારા એ નહી પણ આવો મોક્ષ પદની પાઘડી બંધાવનારને ધન્ય છે, એટલી દયા બાબત રાખી ક્ષમા આપનાર એવો ઉત્તમ ધર્મ ધરાવનાર એટલે સુધી કે મારી કાયા કંપાશે તો અંગારો પડતાં જમીનપર રહેલા જીવને હાની થશે. એવી રીતે સમભાવ રાખવો એ કંઇ જેવી તેવી બાબત નથી. આટલી દયા વાળા ધરમની વિરૂદ્ધ જનાર માણસો પોતે તે પારખની કીંમત કરવાને અશક્ત છે. એમ અમે માનીશું.

દયા દેવીની આગળ કોઇ ચડે નહી તે વિશે.

દોહરા સાખી.

મેહેનત કરતાં જો મળે, જુવો કોળીની જાત
સરપણુ ભાર શીરપર ધરે, પૈસા પામે સાત
ઉદ્યોગે ખાવા મળે, લક્ષ્મી ભાગ્ય અનુકુળ
દયા તજે નહી માનવી, એ લક્ષ્મીનું મુળ
દયા થકી દેવ રીઝશે, રેખપર વાગે મેખ
ઉદ્યોગ થકી દયા ચડે, દયા કરી દીલ દેખ
દયા વીણુ ઉદ્યોગથી ગોળ વીણુ કંસાર
ફીકો ઉદ્યોગ થઇ પડે એ નિશ્ચે મન ધાર
વિધાત્રા વધે નહી, દયા દેવીની પાસ
દયા ધરે જો દિલ વિષે, પામે લક્ષ્મી ખાસ
ખુન કરે ખુન પામશો, માર દીધેથી માર
દયા કરે દુઃખ વામશે, ભંડાર ભરે ભવતાર
દયા ધરી દાન દીજીએ, નબળા પર રાખી રેમ
સબળા કરવા ઇચ્છવું, રીઝે વ્હાલો એમ
દાતાર થવાથી દેખશો, રૂડો લક્ષ્મી લ્હાવ
દેવું તેવું પામવું, એ શાસ્ત્રમાં ભાવ
કરે તેવું ભોગવે, એમ વદેછે લોક
શાસ્ત્ર પણ શાક્ષી દીયે, દીઠા દાખલા થોક
વાડીલાલ વિનતી કરે સમજી સારા સાર
દયા ધરમનું મુળ છે, એ ઉર ધાર વિચાર

ચાંમખાની ઢબ

ધનને માટે તુ ધાયો, પ્રભુના ગુણુ નહીં ગાયો (ટેક)
પૈસાને માટે પાપ આદરીયું વિચાર કંઇ ન લાવ્યો
ધન દેખી થયો ધન ઘેલો, ધનનો તું હડકાયો ધનને
દિ ન જાણ્યો રાત ન જાણી ન જાણ્યું સાંજને વ્હાણુ
નીંદ્રામાં તેં નાથ ન સમરયા, સમરયું નાણું નાણું ધનને
ધર્મ ધ્યાન દુર્લભ થઇ પડીયાં દેવતણું નહી ગાણું
ઓચીંતાનું આવ્યું તેડું ત્યારે પડી રહયું પ્રમાણું ધનને
ધન ધન કરતાં ચાલ્યું આયુષ્ય, સવપ્નામાં ધન બોલે
કહે વાડિલાલ ધર્મ ભકિતવીણુ થયો ટકાને તોલે ધનને
સમજ દેહ નહી ત્હારી ભક્તિ ધર્મ તણી પ્યારી ટેક
નાતો કીધી ઘાતો કાધી વાતો જુઠી કરતો
પરોપકારે પુરો પાપી અધર્મે પગલાં ભરતો સમજ
ખરાથી તું ખસતો ચાલે લઢવાડે ખુબ મ્હાલે
ખત ખોટાં કરવામાં તુંતો, હિંમત જબરી ઘાલે સમજ
અરીહંત તણું જયાં નામ જપાતુ ત્યાં નીંદ્રા બહુ આવે
ખટરસ ખાવા પ્રેમ જણાવી ત્યાં જાગરણમાં જાવે સમજ
સગુ વહાલુ સૌ અંતે અળગુ, બળતુ ખાવા ટોળે,
કહે વાડિલાલ ધર્મ ભક્તિ વીણુ થયો ટકાને તોલે સમજ

ચાબખા

જીંદગાની ત્હારી જાશે પસ્તાવું પાછળ થાશે (ટેક)
માની દુનિયા આ તોફાની, મોહ ભર્યો સંસાર

કાયા ત્હારી ખાખજ બનશે, જન્મે તે જનાર જીંદગાની
છજાં જાળિયાં કર્યાં ઝરૂખાં, મ્હેલ કર્યા તેં મ્હોટા
ધર્મ ભક્તિ ધ્યાને ન લીધો, પેહેર્યા રેશમી જોટા જીંદગાની
ધાટ ઘરેણાં ખુબ ઘડાવ્યાં નહીં દાગીના છોટા
અરીહંત તણું તે નામ ન લીધું, જાણું ફજેતા ખોટા જીંદગાની
રંગ રૂપને દેહ જવાની નવ સમજે જન ડોલે
ધર્મ ભકિત કીધી નહીં મુરખા, થયો ટકાને તોલે જીંદગાની

સદર.

પ્રભુને મુકયો તેં માળે ચડયો તું જગતને ચાળે ટેક
પરદારા પર પ્રીત કરીને, માન ધરી તું ધસીયો
રંગ રસીલી અરે હુષીલી, કહી કહી તું હસીયો પ્રભુ
જા જા ભડવા કહી તરછોડે તો પણ તુ નવ ખસીયો
શ્વાન જેવો બનીને મુરખ પરદારા પર વસીયો પ્રભુ
જે નારી પર પુરૂષને વ્હાલી, તે નારી શું રાખે
કામ અંધ થયો અજ્ઞાની, મ.રી સારી ભાખે પ્રભુ
જાણ થતાં એ નારી કંથને કેવો ક્રોધે ચડીયો
અચાનક આવી ઘર ઘેરી, એ કેવો તુટી પડીયો પ્રભુ
મળ્યું ટોળું મારવાને માટે, લંપટ કહી એમ બોલે
લાજ લુટાણી લાખેણી મુરખા, થયો ટકાને તોલે પ્રભુ

મુરખા સમજી લે સારૂં સમરણ ધર્મ તણું ધ્યારૂં ટેક

સંસારમાં કેહેવાણો મ્હોટો પાપનાં પોથાં ભરીયાં

પતંગ સરીખો આ રંગ દેખી, મુરખા માન શાં ધરીયાં મુરખા
ઓછું આપી અદકુ લીધુ,પરઘર કરયો ઉધારો
ધરમ જેવો હીરો તજીને, નાહક ભવ કુટારો મુરખા
જન્મ સફળનું જે સાર્થક આ સુક્રીત કામ ન કીધુ
સુગંધ રૂપ જે નામ અરીહંત, નફટ વિસારી દીધું મુરખા
આજ કાલ કરતામાં જીવડા, અમુલ્ય અવસર જાશે
સગાં વ્હાલાં સૈ ફોલી ખાઇને, પુરાં શત્રુ થાશે મુરખા
વારા કરતાં જો ખવરાવે, ઘેડું ખોખુ ખાતો
સર્યા ઘઉં દર્યા એ સારા વહુ દીકરાની વાતો મુરખા
વારા કરતાં નવ સંતોષે, હું સાની ખવરાવું
ઘેડાને દિકરા નવ ગાઠે, છતે રગે ગભરાવુ મુરખા
મુવા પછી તરકટ દર્શાવી રૂવે કેડ કર મુકી
લાંબે સાદે લાંબી પોકો કોઇ નવ જુઓ શુંકી મુરખા
દિકરીને દયા નવ આવે, મુવો બાપ એમ બોલે
કહે વાડીલાલ ધરમ ભકિત વીણુ, થયો ટકાને તોલે મુરખા
ધનને માટે જન રૂવે અધર્મી પાપ કર્મ નવ જુએ ટેક
વિકટોરીયા પર પ્રીત લાવીને, ચડે સંસારી ઘોડે
ચાર પૈડાં જે ચકકર જેવાં એ ચકકરને છોડે ધનને
મદ ભરેલો મદમાં માતો, એ નવ નજરે ભાળે
સુસવાટ ભર્યા દોડાવે ઘોડા ચડયો અધર્મી ચાળે ધનને
પૈડામાંથી જાતાં ખીલી, છુંટું ચકકર પડીયું
દોડ ચડેલા ઘોડા સાથે, ભાઇનું માન લડથડીયું ધનને

પછી પાઘડી શીર કુટાયું, હાલ થયા ભાઇ એવા
કાળ ચક્કર એથી છે બુરૂ, સમજી અરીહંત લેવા ધનને
મેગળાથી કથી મસ્ત બનેછે ઘેર રાખી જન ઘોડા
મોહ ભરેલા દુઃખ દેવાને, ઉભા લઇ કર જોડા ધનને
જે નજરે અહીં સુખ દેખાડે, તે દુઃખ દેવા માટે
કુતરી જે ભોટીલાં ખાતી, તે પેહેલાં એ ચાટે ધનને
અસંખ્ય ગયા તુજ નજરે જોતા, થોથાંમાં જીવ ઘાલે.
ધર્મ તણી રીતી નવ જાણી, થયો ટકાને તોલે. ધનને

જીવને શ્વાસતણી સગાઇ એ રાગ.

કાયા જાશે તુજ કરમાઇ દુનિયાંની ઠાલી ઠગાઇ ટેક
માત તાત માને તું ત્હારાં જે જાણે તુંજ ભાઇ
મિત્ર મંડળ જાણે તું ત્હારૂં, સ્વારથની સગાઇરે કાયા
ભગિની પણ ભાઇને ઇચ્છે. જો લેવા વાત હોઇ
નિરધનીયોજો ભાઇ બનેતો, બ્હેન તણી રીત જોઇરે કાયા
સ્નેહ કરે પૈસાને માટે. જેમ જન્મ તે દાઇ
પૈસાને બાંધી લૈ ગાંઠે મતલબે આવી ગઇરે કાયા
જ્ઞાની જન જાણે આ દુનિયાં, દુઃખ ભરેલજ ખાઇ
મોટા મોટા છંડી તેને. નીકળ્યા પોતે કાઇરે કાયા
રંગ રૂપને દેહ જવાની ઠાલી આ ઠુકરાઇ
જગતની જુઠી આ બાજી અરીહંત ભજ લે ભાઇરે કાયા

પ્રાણીયા ભજીલેને. એ રાગ.

સુક્રીત કરલે તું સુખકાર, વાંસે પાપીને પુર માર ટેક

મ્હોટા મ્હોટા મ્હેલ બનાવ્યા, નહીં શોભાનો પાર
લાડી વાડી ગાડી વૈભવ, ભજવા વીણુ દુઃખકારરે; સુક્રીત

અંગતણો તું રંગ જોઇને, ઉમંગ કરે અહંકાર
કાળરૂપ કુહાડા આગળ, નહીં લાગે પળ વારરે, સુક્રીત

પરદારે રશીયો મોહમાં ફસીયો, જોર કરે જેમ જાર
જાણુ થતાં ગયો પકડાઇ. પડતો તે પર મારરે સુક્રીત

ધનનો રાગી કંઇ નવ જાણ્યું; માણી મોજ અપાર,
મુવા પછી તે કામ ન આવી, ધર્મવીના નહીં સારરે સુક્રીત

ચાર પાંચ ગજની કફની લઇને. કરે ઉપર ઓછાડ
સરખા જણુ સાથે ઉપાડી. દેશે લાંબી ત્રાડરે સુક્રીત

કાષ્ટ સાથે ત્યાં ભળાવી, ધગ ધગતી જ્યાં આગ
પુન્ય વીના સાથે કોણુ આવે, વ્હાલાં કાઢે રાગરે સુક્રીત

મુવા પછી અવગુણુ ગાઇ ત્હારા, દેશે સૌ ફીટકાર
અરીહંત સેવ્યા નહી મુર્ખા, જીવવાને ધીકકારરે સુક્રીત

જીવ્યો પણુ મુવા એ સરખો ધર્મ ઉપર નહી પ્યાર
ખરે ખુંખારી કહુ છુ પ્રાણીયા. અરીહંત દીલ ધારરે સુક્રીત

લક્કડ સાથે આગજ અડતાં, થશે અંગ તુજ રાખ
કહે વાડિલાલ ચેત અજ્ઞાની વિતરાગ રસ તુ ચાખ્યરે સુક્રીત

કાયા અને ચેતનની સમજ અને કર્મનો દેખાવ

દોહરા સાખી.

કાયા કળેવર કારમુ, ચેતનનો આધાર.
ચેતનથી ચેતી રમે. સદા લઇ ફરનાર
પણ ચેતન ચાલ્યો જતાં ન હાલે ચાલે નામ
મડા રૂપ થઇને પડે, ગયા ચેતન રૂપ રામ.
હાડ પીંજરને હાડકાં. અવયવ સઘળાં સ્થુલ.
ચેતનથી ચમકી રહે, રહયું ચેતનનુ મૂળ.
ચેતનના જાવા થકી. ઘર રંગ કે માર
તેનું તેને નવ કશુ, સબ ચેતનથી ધાર
ચેતન અંગે સૌ રહયું, સગુ વ્હાલુ સૌ સાથ
નાત જાત રીત ભાતમાં, એક બીજા પર હાથ.
જ્ઞાન સમતા જીવીત અને, મોહ લોભ જે જાણુ.
ચેતન જાતાં તે પુઠે. જતા એજ નિરવાણ.
માયાના દરિયા વીષે. ઇચ્છે નર સૌ સુખ.
છાયા તેની નવ રહે. ગરજુને શું દુઃખ.
એક વખત ઉચુ ચડે, જર પૃથ્વી આકાશ.
એક વખત ઢોલુ પડે. એ સબ છે વિનાશ.
એક વખત ઘોડે ચડું, લઉ દુનિયાનું રાજ.
એક વખત એવુ બને. સબ જુઠો આ સાજ.
એક વખત ઘેબર જમે. લાડુને દુધપાક.
એક વખત નહીં ખાખરા. ત્યાં શું ઇચ્છે શાક

ખમા ખમા સૌકો કરે. સમય એવો સુખકાર
મંદવાડ સમે નહી માનવી. ઓસડનો પાનાર
ગતી જુવો આ જીવની, છતાં મ્હારૂ મન સાથ
મુવા પછી નહી કામનું, નહીં સાથે સંગાથ,
છતાં લાલચ દ્રષ્ટે જુવો, પઇ માટે પ્રાણ જાય
હસ્ત થકી નથી આપતા, પેટ ભર નહી ખાય
મેહેનત કરી દુઃખ વેઠીને, ગાંઠો વાળી છેક,
ખાધું નહી પીધું નહીં. નવ દીધી પાઇ એક
કાળ અચાનક આવીયો, કબજે કીધો એહ
ચેતન રૂપ ચાલ્યો જતાં. શુ ખોટો જગ સ્નેહ.
મ્હારૂ ત્હારૂ બહુ કરી, પર ઘર કરી ઉધાર.
કરજે નાણાં કાઢીયાં, સમજ ચેતન અપાર.
છોકરાં અર્થે હું કરૂં. પોતાનું શું થાય
કુડ કરી ધન લાવતાં તે ગીંતા ન જરાય.
છૈયાં છોકર સૌ રહે. રહે ધનને માલ.
ભુંડે હાલે ચાલવું. એ નહી કોઇને ખ્યાલ.
આશા સમ ડુંગર નહીં, જીવીત સમો નહી રાગ;
માયા સમુ મંડાણ નહીં. વધે થાય કેમ ત્યાગ,
ભાર લીધો મોટો થયો, મોટાઇમાં મ્હા ભોગ,
સગાં વ્હાલે વખાણીયો, જયાં પેઠો એ રોગ,
ઔષધ તેનું કેમ જડે, દર્દ વધ્યું જગ માંહી

સંત વૈદ તે શું કરે. જેની માત્રા નહીં.
ગળે ન ઉતરે સંતની, અરીહંત ઔષધી જેહ,
ભોગ રહ્યા છે જોગના. યોગ વીશે સંદેહ;
ઔષધ ન આવે કામમાં, સુણે ત્યાં બહુ રાગ,
જાય સગાંના છંદમાં, બીજે પ્યારનો બાગ.
મારૂ ભાગુ તોડવું, રંક ભુવન ઘરબાર;
નથી જાણતો મુર્ખો, શા જીવે અહંકાર
હું પદ માની બહુ ચડે અડે ઠેઠ સરકાર,
ખોટા સોગન મુખ વદે, ખુવેનીજ ઘરબાર
પણ સુખ વ્હાલુ તે ગણે, જેમાં દુખ દેખાય
સંત સમાગમ નવ ગમે, વીણુ વ્યાધી વતાય,
ખર જાતને શર્કરા, ખાતાં તર્તજીવ જાય,
આપે લાવી ફોતરાં; મસ્ત બની ભુંકાય,
ફોતરાંના ખાનારને નહી શાકરનું ભાન,
શાકરના ખાનારને; ફોતરાંમાં અપમાન,
મત ભેદે સૌ માનવો સૌ સરખા કેમ થાય,
જો સરખા સૌકો બને એક બીજા કોણ ચ્હાય
અજબ ગતી છે કર્મની કહે કેમ લેખાય,
જીંડવાનાં સાથે રહ્યાં ફેર ફાર વર્તાય,
એક ચડે છે ગાડીયે, પગ તાણી જીવ જાય
એવુ બીજો કાસદું ફારફેર રે ખાય.
એક પીતા માતા વળી એક છતાં છે ભેદ

કર્મ તણા જે ખ્યાલ છે કેમ થાય નીછેદ.
કરમે ચડે છે હાથીયે કર્મ માગે ભીખ.
કરમે ગોદા ખાય છે. કરમે દે છે શીખ.
કરમે સોં હાજર રહે સેવા કરવા સાર.
કરમે પાણી ન દીયે દે ઉપરથી માર.
કરમે છાયા બહુ થતી કરમે માયા અપાર.
કરમે કાયા લુ:ી બને અન્ન વીણુ દુઃખ માર.
કરમે સૌ ઘેલા કહે ડહાપણુનો નહી પાર.
કરમે ઘેલાને નમે લક્ષ્મીનો અવતાર.
કરમે ડહાપણ જાય છે કરમે ડહાપણુ મહા સુલ્ય.
કરમે આગળ દોડતા કરમે તરણા તુલ્ય.
કરમે આવો આવો કહે સામા લેવા જાય.
કરમે ડહાપણુ બહુ છતાં ભાવ નવ પુછાય.
કરમે ખાવા કોદરા કરમે શાકર સાર
કરમે ભાજી નવ મળે કરમે કહાડે બહાર
કરમ તને સમે નહી નહો મર્મ નહી ભેદ
નીચ ઉંચ તુ નવ ગણે અભણુ ભણેલ કે વેદ.
કરમે ખાવા ખાસડાં કરમે ચાંદ દેવાય.
કરમે પૈસા આપીને સરકારે મનાય
કરમ વશ આ જીવડા કરમ તણો પ્રભાવ
માણુસ જાણે હું કરૂ એ ખોટો સ્વભાવ
વાડીલાલ વીનવી કહે ચેતનને સુધાર
અરીહંત વીણુ વ્હાલુ નથી એવો પ્યાર વધાર

ભુજંગી.

ઉઠો સંઘ લોકો રહ્યા કેમ બેસી ચુરો દેહ વેરી ધસો સૈન્ય પેસી
પિસી દાંત મારો કરો ને કડાકા લઇ જ્ઞાન તોપો કરો ત્યાં ભડાકા.
વળી ધર્મના કાજને શીર આપો વસ્યા દેહમાં ચોર ત્યાં માર છાપો
ખરે ચોર કાઢો નથી આ તડાકા લઇ જ્ઞાન તોપો કરો ત્યાં ભડાકા.
ઘણા ઉપવાસે કરો અંધકાર, કરી એક ટાણું દીયો મોક માર
કરી શુદ્ધ એ.રી તપોથી ઝડાકા, લઇ જ્ઞાન તોપો કરો ત્યાં ભડાકા
દમો દેહ વેરી ધરી વૃત કાપો ખરે ધર્મના રીપુને દુઃખ આપો
ઠરે ઠામ તેવે કરો જઇ ધડાકા લઇ જ્ઞાન તોપો કરો ત્યાં ભડાકા
ધરી ધર્મ ઢીકા થકી પ્રાગુ કાઢો દયા જેષ્ટિકાથી ખુરાને નસાડો
ધિંગાણે ધરો ધર્મની તો પતાકા લઇ જ્ઞાન તોપો કરો ત્યાં ભડાકા
કહ્યું વાડિલાલે કરી જે બતાવે અહો વૃત જે સૃષ્ટીને તો ગજાવે
ટકે એ નહીં જ્યાં તપોના ફડાકા લઇ જ્ઞાન તોપો કરો ત્યાં ફડાકા

એક પિતાના બન્ને દિકરા તેમાં એક ગાડી ઘોડે ચ્હડે ને એક કાસદુ કરે તો જેવું પરભવ કરયું છે. તેવું સુખ ભોગવવાનું છે, કોદરા વાવી ઘઉંની આશા નિરર્થક છે માટે જેવું કરયું છે તેવું મળ્યું છે ને હવે જેવું કરશો તે પ્રમાણમાં સુખ લેશો માટે નીતિની સાથે જોડાઇ દયા રાખી દાન દેવામાં સત્વર થાઓ એટલે ધરમ વાલાને કદી નુકશાન કે ભય નથી અને પાપીને સર્વે દિશાએથી બીક રહેવાની કેમકે, (કરણી તેવી પાર ઉતરણી) માટે દયા રાખી પરમારેથમાં પ્રીત જોડ અને નીતિની સાથે અ-

રીહંતમાં ધ્યાન લગાવ એટલે ત્હારે પછી બીજો ધરમ જાણવાપણું રહેતું નથી કેમકે ધર્મનો તમામ મર્મનો સમાવેશ તેમાં થઇ જાય છે તો નાહક કુસંપ ન કર ને કંકાશરૂપી અધર્મ ન આદરને અનીતીથી ડર ને નીતી સાચવવા માટે સદગુણી સંત સમાગમ કર અને પછી અમુલ્ય રૂપી પારસ રૂપ અરીહંતના નામને વર ને આ ભવસાગરથી તર

સંપવિષે.

દોહરા.

સભા તણો અર્થ નીકળે સંપ કરો સૌ આપ
સંપ વીના જંપજ નહી, સદા વસે સંતાપ
બાજરીયું રૂડું બને, રહે દાણાની સાથ
દાણાથી દુરજ થતાં, ડુકુ ન લે હાથ
રસ રૂપે રહે સંપમાં ધરચું શેલડી નામ
રસથી તે જુદી પડે કુચ્ચા એજ નકામ
એ રીતે મુજ બંધુઓ, જુદા એજ નકામ
સંપે સંપ-તી પામશો, થશે જીતથી નામ
તાલી પણ એક હાથથી, કહો કેમ પડાય
બીજો હાથ ભેગાં ભળે, જુવો ગર્જના થાય
એ રીતે સહુ કામમાં, ધર્મ દેશ ને જ્ઞાત
સંપ કરે તો જાણજો ઉત્તમ બંધુ જાત
જૈન કોનફરન્સને ઉચરૂં સંઘ સમુહ સુખકાર
સાસ્ત્ર પણ શાક્ષી દીયે સંપે જયજયકાર

પૈસાથી મ્હોટા મ્હોટા ચળી ધર્મ સર્મ કે કર્મને અ-ણુતા નથી અને પઇસેથી ઝેર વેર થાય છે હાન પણ અ-પાય છે. પઇસાની ખુબીની કવીતા.

પૈસા પૈસા પૈસા ત્હારી, પ્રીત જગતમાં ઝાઝીરે
નવ સમજે બાળકડાં ન્હાનાં, તે પણ પઇસે રાજીરે ટેક પઇસા
મહંત નર મ્હોટા પૈસે ખોટા અમલમાં કયી ગોટારે
સંત થઇ સરધાઓ મુકે જોગી ભોગી લંગોટારે—પૈસા
અતીત વેરાગી બાવા ભુવા સહુ પૈસાના રાગીરે
ચિત ચળે નર છોટા મોટા પૈસે નારી ભાગીરે—પૈસા
આપ કહે કઇ બાપ કહે પ્રતાપ કહી બોલાવેરે
તમ જેવા જગમાં ન દેખુ પૈસાને લડાવેરે—પૈસા
પાયે રાંટો અકકલ નહીં છાંટો લાંબો લંભુસ લાગેરે
પણ રઢીઆળો કહે રૂપાળો મોહ પૈસાનો વાગેરે—પૈસા
પૈસે ભણવું પૈસે ગણવું પૈસા વીણ સહુ ભામારે
પ્યાર કરી બોલાવે પૈસે કાકા બાપા મામારે—પૈસા
પૈસે ગાડી પૈસે ઘોડા પૈસે સ્નેહી જોડારે
ખરા અંતઃકરણથી ચાહે સંતોષી પૈસે થોડારે—પૈસા
ચિન્ત ચળતું વિન્ત દેખી અરીહંત પૈસે ખોટોરે
ધર્મ સરમ કર્મને તજીયાં પૈસે વાળ્યો ગોટોરે—પૈસા
એમ લાલચ પૈસાની પુરી પૈસે નર સોભાયારે
કહે વાડિલાલ કોનફરન્સે નર કેવા લોભાયારે—પૈસા

ધનને માટે લોભાઇ જે વસ્તુ પોતાની નથી છતાં પોતાની માની મુરખ હડકાયા શ્વાનની માફક અધમ અનાચાર આદરી દયાથી દુર રહી હમેશાં જાણ્યા છતાં ઠગાય છે વિચાર કર કે અરીહંતે ભાખ્યો તે ધર્મ સાચો છે તેનો તને કશો વિચાર આવતો નથી આ જગતના નવા નવા રંગ દેખી તારે મલકાવાનું નથી કેમકે આ જગતમાં કોઇ પણ ચીજ નામ રૂપ ધારણ છે તે રહેવાની નથી રહી નથી ને રહેશે પણ નહીં.

ભુજંગી.

બહુ એક લોકો ધરે માન મોટા લડે ખૂબ ધર્મે વળ્યા ખૂબ ગોટા,
નહીં માન મીથ્યા તમે ઉર આણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો
નિશાળે ગયાવીણ જે માન રાખે, ભણ્યાવીણ જુઠું ભણ્યો એમ ભાખે
ભણ્યા આગળે જાણિયે જેમ પાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો
લઇ હાટમાં ઘાટથી ખૂબ દાટયો, કહે લાભમાં આજ તો ખૂબ ખાટયો:
વદે તે પછી ન્યાયમાં છેક શાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો.
ધરે દીકરી દીકરો એમ માને પછી દીકરાને કહો કોણ જાણે,
નિતી વીણ ધર્મી નહીં રંક રાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો
મુખે ધર્મ નામે સદા એમ બોલે નહી રંકની વાતમાં જીવ ખોલે.
ધર્યો ધર્મને રંકના જીવ તાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો,
ધએ ડાંડિયે ત્રાજવે ખુબ રાખી લિયે છેતરી રાંકને ભુલ નાંખી;
વળી દેખતાં હાથથી થાય દાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો;

કહ્યું દીકરે બાપને વાત માંડી નિતી વીણ જે ધર્મની વાત ગાંડી
નહીં બાપને દીકરો જે લખાણો નિતી પાળવીને દયા ધર્મ જાણો.
દળી ધર્મીઓ ધર્મમાં ધર્મ મ્હોટો નિતી ધર્મમાં તોનથી ક્યાંય ટોટો
અનીતી સદા પાપ નીચ્યે પ્રમાણો, નિતી પાળવી ને દયા ધર્મ જાણો;
નિતીંથો જડે શુદ્ધ રસ્તોજ સારો નિતીથી મળે જે પ્રભુ પુર્ણ પ્યારો.
મળે નીતિયે શાસ્ત્રમાં એ ઉખાણો નિતી પાળવી ને દયા ધર્મ જાણો
નિતી રાખતાં જુઠતો ખુબ જાશે નિતી રાખતાં પાપનો નાશ થાશે;
નિતી રાખશે વીર તેતો કમાણો નિતી પાળવી એ ખરો ધર્મ જાણો.
નિતીયે નહીં દૂતનો માર ખાશે નિતીયે ખરે દેવ લોકે મ ાશે,
નિતી મર્મમાં ધર્મ રૂડો સમાણો, નિતી પાળવી એ ખરો ધર્મ જાણો;
નિતી રાખતાં ભાગશે ખુબ ભીતી નિતી રાખતાં રાખશે લોક પ્રીતી,
રૂડો ધર્મ જે નીતીનો શુભ દાણો નિતી પાળવી તે ખરો ધર્મ જાણો.
ખરો દેવ તેતો પિતા તુલ્ય ભાખે, નિતી ધર્મની વાત કીધી પ્રકાશે,
હુલ્લાશે રહયો નીતિયે દેવ તાલે, નિતીના રચ્યા છંદ આ વાડિલાલે.

સાંભળો શા બોલો તમારા રાણી એ રાગ.

આનંદ આનંદ આજે અધીક છે ટેક
અરીહંતસ્હાયેકહો શું બીકછે—આનંદ આનંદ આજેઅધિક છે ટેક
ચોવી જીનવરને નીત્ય ચૈયે ધર્મ ગાદી વધવા કૈયે
હરનીશ જીનવર નામજ લૈયે, ચૈયે કૈયે લૈયે અધિક છે
અરીહંતની ઇચ્છું સેવા સંઘ મન એ મીઠા મેવા
વિતરાગ ગુણ લેવા તેવા, સેવા મેવા તેવા અધીક છે

દયામાં જાણું દેવાથી દેવા પરોપકારે પ્રસીદ્ધ તેવા
નહીં થાયે યુગે કોઇ એવા દેવા તેવા એવા અખોક છે

વ્યભિચાર દુર કરવા વિશે શીલ ગુણ જાણવા વિષે.

જેમ અંગાર નામની જાર આખા ખેતરને નુકશાની આપે છે તેમ વ્યભીચારી માણસ આખા કુળને નુકસાન આપે છે; તેનામાં હજારો સદ્ગુણ હોય પણ વ્યભીચારરૂપી દુરગુણ એના તમામ સદ્ગુણને બાળી નાંખે છે. અને મહા પંડીત હોય તો પણ તે માન ન પામતાં અપમાન પામી પથ્થર તુલ્ય લોક તેને ગણે છે

છપ્પય છંદ

તજી પદમણી નાર, જઇ ગુણકા ઘેર લાગે
કરે નહીં વિચાર અંધ બને આંખ આગે
તજી મહેલાતનું સુખ જઇ કુબાને બાઝે
ન જુવે ઠામ કુઠામ તે નર નહીં ત્યાં લાજે
વસ્તીને ઉજડ એ ગણે અંધ જાત અજાણ છે
શુરવીર ધિર તે નરને કહુ પંડીત તોપણ મ્હાણ છે
ખેતર આવ્યો પાક કણ પણ તેવા કહીયે
જોઇ થાય આનંદ ખુશ હઇયામાં રહીએ
સફળ થયો પરિશ્રમ એમ મનથી એ મ્હાલે
અસત્ય ને આપે માન હામ સત્યે ન ધાલે
ત્યાં દુરગુણ રૂપ આવી ધસે અંગાર કણ તેમાં ભળે

થાય ખરાબી કણુ ખેતરે મળ્યું ધાન ધુળમાં ભળે,
પરદારા પર પ્રીત ચીત્ત રાખી નર મોહ્યા
કૌરવ સરખા જેહ ખેલ દ્રોપદિના જોયા
રાવણુ ખોયું રાજ સતી સીતાને કાજે
હતી નાર ગુણુ રૂપ વ્યભીચારી કેમ લાજે
વૈભવ લીલા એ શી કહું, વ્યભીચારે શું લ્હાણુ છે
શુરવીર ધિર તે નરને કહું પંડીત એ પણુ ડ્હાણુ છે
પરદારાની પ્રીત વીત્ત લેવાને માટે
ખાલી કરે ખુવાર પ્યાર મારી એ દાટે
ચુડેલનો વળગાડ કરે ખોખાને ઘાટે
સમજો સજન સાર પ્રીત એ જીવને સાટે
જીવ પરદારે કઇ પરવળ્યા ધન ધીરજ ધન હાણુ છે
શુરવીર ધિર તે નરને કહું પંડિત એ પણુ ડ્હાણુ છે
ભ્રમીત ભમરા સમ, ગમ એકે નહિ વાતે
પરદારાની પ્રીત; જીવ ધંધે નહીં જાતે
પળ પળ ભટકે મન શ્વાન બને હડકાયો
પકડાયે ખાઇ માર સાર પણુ નવ સમજાયોં
એળે જન્મ ગુમાવીયો, જીવે મુવાની કાણુ છે
શુરવીર ધિર તે નરને કહું પંડીત તો પણુ ડ્હાણુ છે
દેવ સરીખા દાસ એક શીયલને અંગે
એગુણુ સોમાં ઉંચ રહો ઉત્તમ એ રંગે
નર બને નાદાન રંગ ખોટાને સંગે

બહ ચાંદી શીક્ષાય વ્યાપી એ અંગો અંગે
નફ્ટ નર એ સમજે નહીં ફટફટ થાયે બાપડો
નિર્લજ નર લાજે નહી દોષ ન દેખે આપડો
પરદારાની પ્રીત કીચમાં પડવા જેવું
એથી શું છે નીચ કૌરવનુ કુળજ કેવુ
સત્ય વાત તુ સીંચ નથી કંઇ લેવુ દેવુ
રોપ્યુ રાવણુ બીજ કૈચાનુ પણુ તેવુ
પ્રીત પરદારા પરહરો, નમ્ર નરો રહેજો ડરી
પરદારા જે પરહર્યા દેવોમાં ઠરીયાઠરી
પરદારાની પ્રીત વી-ત લેવાએ ગગી
ભમતુ રાખે ચીત કેડ પરદારે ભાગી
જાડુ તેનુ હિત્ત કંથથી એ કેમ ત્યાગી
એ કરવો વિચાર સમજ તો તુ સદભાગી
માન્ય વચન સત્ય માહરૂ, પરદારા તુ પરહરી
અરીહંત ભજો ભાઇ ભાવથી વીતરાગ વાટ લેજો ડરી
તાવડે દુધપાક સોમલ તેમાં પડીયો
થયો બધો નકામ નહીં તેને કો અડિયો
અધીક ગુણુ ભંડાર વિષય સોમલ સમજાણુ
એ ગુણુ નર નાદાન પ્રીત તે પર નહી આણુ
સર્જન માન આપે ઘણું ભલે ચઉદ ગુણુ જાણું છે
શુરવીર ધીર તે નર ને કહુ પંડીત એ પણુ મ્હાણુ છે.
મહાન નામાંકિત શ્રીમાન શેઠજી મનસુખભાઇ ભગુભાઇનો
ધર્મ પર ઉત્તમ પ્રેમ.

દોહરો.

જન્મ ધરી ઉજવળ થયા, ધર્યા તમે સદગુણ
ભગુભાઇના દીકરા ડહાપણમાં નિપુણ
મનહર શેઠજીનાં કરેલાં ઉત્તમ કામ
આનંદ ભરેલુ મુખ અવિચળ સુખ દેવા
જ્ઞાતી પર પુરો પ્રેમી ધર્મે જેનુ ચિત છે
રંકપર દયા રહી દાન વિષે લાંબો હાથ
દયાના પ્રભાવે કરી જુઓ નવ નિધ છે
સહુ હિત કલ્યાણર્થે દીસે તો દોરાય એવું
ધર્મને વધારવામાં ધ્યાન જેનુ નીત છે
ગંભીર વિચાર વાળા લાજને વધારનાર
સમયે સગાને પાળો દયા વિષે હિત છે

મનહર.

જેને જેવું જુવે તેવું તેને ગોઠે તેવું દેવું
એવું જેનું ચિત રૂડુ અતી ગુણ સાર છે
મિલમાં મજાનુ કામ નીતીને નીયમ સર
સગાંને સ્નેહીપર સદા જેનો પ્યાર છે
સરમ ભરેલુ મુખ શોભા આપી છાજી રહયું
દાતારે એ શાન્તી આપે એવુ સુખકાર છે
દાખે આજ વાડિલાલ વિશેશ ક્ષમા એ મોટી
એવા ગુણે છાજયા થકી માનતો અપાર છે

વીરા વેસ્યાના યારી એ રાગ.

આનંદકારી એ ઉપકારી સૌ સંસારી જાણે કીધાં રૂડા કામ
લ્હાવો લીધો જગત રૂડો નીતિ સાથે ભરપુર
પધરામણી કોનફરન્સે કીધી, પ્રસીદ્ધ જગમશુર
છબ્બી રૂપાળી જોવામાં ભાળી મનમાં ધારીઆમ બીડો તમે હામ આ.
દયાળુ થાતાં સૌ ભાઇ ખુશી ખુશી તણો નહી પાર
મંગલ મહોત્સવ છવાઇ રહ્યાથી મનસુખ ભાઇ જયકાર
ભક્તિ તમારી આજ ઉચ્ચારી, છે સુખકારી ધર્મ કાર્યમાં નામ આ

રાગ માઢ

મનસુખભાઇ સારા, છે ગુણ કયારા
સુખ કરનારા જીવો ઘણું સુખકાજ
રીતભાતે દીસે એ સાદા ન મળે ગર્વ લગાર
મળતાવડા હોંશીલા ઉમંગી સૌ સાથે જેનો પ્યાર. મનસુખભાઇ
જગત પ્રસીદ્ધ કૃત્યો કરજો સફળ કરો અવતાર
સુકીત કામે કીર્તી ગજાવો ધર્મ સ્હી વારં વાર મનસુખભાઇ
સાધુની સેવા મેવા માની એવા લેવા ઉપદેશ
અરીહંત દેવા ભજવા જેવા તેવા ભજો હમેશ મનસુખભાઇ
સાર નથી સંસારની વીષે ભાર ભરે અવતાર
ભવતારણ ભગવાન ભજે તો સુધરે આ સંસાર મનસુખભાઇ

મનહર.

એક વેણુ સાચા ટેકી નેકીલા એ ધિરવીર

શાણુા ડાહ્યા શાન્ત ગુણે અતી ચતુરાઇ છે
ચોપાસે જોવામાં તેવા ધર્મ ધર્મ ધમ કામ
આઠ પ્હોર આઠ ઘડી સામાયક માંઇ છે
ધર્મ ગુરૂ તણું ધ્યાન વખત બચાવી કરી
દેશના લેવાને ગુરૂ મહા સુખદાઇ છે
મહંત જૈનીના ગુરૂ પાણીદાર ખરામણી
જ્ઞાન ગુરૂ પિતા જેના ધર્મમાં બડાઇ છે

મનહર.

તન મન ધિરજથી મહાન જે કામ કીધાં
દરિયો દાનાઇ વિષે ધર્મ તણા કામમાં
બહાદુર બાહોશ વીર ઉમદાઇમાં અમીર
હિંમતથી અન્ન લેવા ભડવીર ધામમાં
રાજનગરની વીષે ધનવંત વસે ઘણા
કીર્તી લોભે દોડે ઘણા મોહે ચડ્યા નાંમમાં
મનને પમાડે સુખ તેથી મનસુખરામ
ધર્મ લોભે દોડનાર મનસુખ ગામમાં

મનહર.

ભગુભાઇ ભાઇ ભાઇ સપુત સુત છે જેના
મનસુખભાઇ ન્હાઇ ધાઇ કામ કીધાં છે
ગુપ્ત દાન આપી કરી રંકને નભાવે એતો
હજુ પણ સુધારવા બ્હાલે મન દીધાં છે

સૌ પર સરખો પ્રેમ જ્ઞાતી તણુ સુધારવા
શેઠજી બનીને તમે કેવાં ફળ લીધાં છે
હુજારના પાળનાર મિલોમાં નોકર રાખી
નભાવી સંભાળનારે ખરાં કામ સીધાં છે.
સવારમાં ઉઠી કરી સામાયક પાળે ઠરી
જૈન ક્રિયા વીધી કરી પછી બહાર જાય છે.
ગમે તેવું કામ આવે પણ નવ ટેક ચુકે
સામાયક માતા તણું વન્દે ઉચરાય છે
દેશાવર દીકરો કે ગમે તે કામને માટે
માતા તણી રજા માગે એમ શેઠ થાય છે.
માતા તણી રજા માગી ધર્મ દેવ સાધી કરી
પિતા તુલ્ય ધર્મ માને જેથી સહુ ન્હાય છે.
પિતા જેના ધર્મ દેવ માતા સામાયક જેની
ભગિની ભકિતને માની નોકાર જે બ્રાત છે
સગુ વ્હાલુ પ્રતિક્રમણ અટવીથી તારનાર
તપને ધર્મની માળા બાળા એ વિખ્યાત છે
મિલ તણું કામ કરે રંકને નભાવા માટે
પણ ધ્યાન અરીહંતે વૃતી ત્યાં પ્રખ્યાત છે
દાખે આજ વાડિલાલ ધર્મ અભિમાની એતો
ધર્મ ચુસ્ત બની રહ્યા અરીહંત તાત છે.

કોનફરેન્સ દેવીના વિજઇ ડંકાના નાદ

ભુજંગી.

ખુશાલી ઘણી આજ તો લ્હેર વીવા, બહુ મોજના શોભતા સંઘ દીવા
વધાઇ રૂડી આજતો ખુબ છાજે, થયા જીત ડંકા રૂડાં દેવિ ગાજે,
રૂડા વીર શાણા મહાસુખ દેતા, સદા જીત ડંકા તણા લ્હાવ લેતા
બહુ પ્રેમના આ રૂડા શબ્દ આજે, થયા દેશ ડંકા તણા નાદ ગાજે
દયા ભાવને જ્ઞાનથી ત્યાં ધસીને, ખસે ક્યાં રીપુ બંધ લીધા ચસીને
કર્યા હાથ એ વાવટા આ બિરાજે, થયા દેશ ડંકા તણા નાદ ગાજે
થઇ જે સભા સંઘમાં શેઠ મોટા, ખુશાલી તણાં પાનને પુષ્પ ગોટા
ઘડ્યા શુભ ધારા સુધારા રીવાજે, થયા દેશ ડંકા તણા નાદ ગાજે
દયાળુ કળીયુગમાં આજ એવી, ખરે જાણવી ઉતરી દેવ દેવી
વિચારે વડી રીપુને માણ બાઝે, થયા જીત ડંકા તણા નાદ ગાજે
બહુ જોમ આપો સહુ સંઘ માગે, રૂડી દેવીના રીપુનું જોર ભાગે

કવિત

પ્રેમની બતાવનાર અરીને સતાવનાર
ન્યાયની ગજાવનાર બુદ્ધીશાળી બાઇ છે
પંડીતની જાણનાર ગુણની ગણાવનાર
હુન્નર વધારનાર ગુણ રૂપ માઇ છે
સુગંધ મોગરા તણી ચંબેલી ગુલાબ ચંપો
કેશર કસ્તુરી આતે ખીલેલ આ જાઇ છે
દેવનું વરદાન લઇ અવતરી યુગ વીષે
ડહાપણ ભરેલી ડાહી અતી ચતુરાઇ છે

મનહર

રૂડી અતી સંઘ નીતિ રૂડાવીર બડભાગી
અનહદ ચતુરાઇ વિજયે પધારતાં
બહુ અંગ રંગ ખીલ્યો ભોજનીયાં જમ્યા ભાવે
કંસાર ઘૃતની સાથે સંઘ મન ભાવતાં
વિધવિધ જ્ઞાન વાજાં વિજાઇ એ દેવી તણું
જય જય શબ્દ દીપે જીત વીષે ગાજતાં
અખંડ યુગની દેવી અવિચળ ઇચ્છું એને
કાનફરન્સ સુખ દીઠું દેવીએ બિરાજતાં

મનહર

કલોલ કરતું હતું, તેમાં મનસુખ બન્યું
કલોલમાં મનસુખ. સુખ મનસુખ છે
મનસુખ પછી બીજુ, વ્હાલું નથી કોઇ સુખ
મનસુખ તેજ સુખ, એજ સનમુખ છે
કલોલ કહીને માને, કલોલ કરાવી દીધું
કહ્યું નહીં કરી દીધું, પ્રતિષ્ટા પ્રમુખ છે
ઘણા લોક બકી વળે, કહે પણ કરે નહીં
કરી દીધું મનસુખ, ઉત્તમ એ રૂખ છે

સમાપ્ત.

જાહેર ખબર.

અસાતનાથી સાવચેત રહી પુસ્તકની માવજત કરવી રચેલ ચોપડીઓ નીચેને સરનામે લખવાથી મળશે. બેહાલ ભાગ પહેલો વિદેશી માલને લાડ, ધર્મ ૨ કન્યાવીક્રથી ખવાતાં હાડ, દેશીને દુખનાં ઝાડ, ભ[illegible], ભડકા, સમતશીખરનો મામલો. ભાગ. પહેલો કિંમત રૂ. ૦-૧-૦ બીજા ભાગ બહાર પાડવાના છે નામ લખવાથી આશ્રય તરીકે ચોપડીમાં દાખલ થશે.

કવિ. વાડીલાલ સાંકલચંદ હાજાપટેલની પોળમાં

પાછીયાની પોળ.

અમદાવાદ.